ગાંધીનગર સમાચાર

ગાંધીનગર એસ ટી ડેપોમાં ૩૦ ડ્રાઇવરોની ઘટ : બસ સેવા અનિયમિત

# જિલ્લાના ૧૦૦ ગામમાં દિકરા કરતાં દિકરીનો જન્મદર ઓછો

**આ ૧૦૦ ગામોમાં બ્રાન્ડ એમ્બેસેડરની નિયુક્તી કરી જન જાગૃતિ અભિયાન છેડાશે : આજે નેશનલ ચાઈલ્ડ ગર્લ ડે ની વિશેષ ઉજવણી કરાશે : કલેક્ટર**

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લામાં ૧૦૦ ગ્રામ એવા છે જેમાં પુરૂષો કરતાં સ્ત્રીનો જન્મદર રાજયની અને જિલ્લાની સરેરાશ કરતાં પણ ઓછો છે. આ વાતને ધ્યાને રાખી કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા જિલ્લામાં બેટી વધાવો - બેટી પઢાઓની ખાસ યોજના અંતર્ગત કામ કરવામાં આવશે.

જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈ અને જિલ્લા કલેક્ટર સતીષ પટેલે આજે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે આ ૧૦૦ ગામોમાં તંત્ર દ્વારા બ્રાન્ડ એમ્બેસેડરની નિમણુંક કરાશે. જે દિકરીના જન્મ માટે પ્રવર્તતી અંધશ્રદ્ધાને દૂર કરશે એટલુ જ નહિ પણ ગર્ભાવસ્થા દરમ્યાન ગર્ભ પરીક્ષણ આ પરિવારો કરે નહિ અને કરવા દેશે નહિ તેવી પ્રતિજ્ઞાનું વાંચન પણ ૨૬મીની ગ્રામસભા દરમ્યાન કરાવાશે.

તેમણે જણાવ્યુ હતુ કે દિકરી જન્મના વધામણાને સામાજિક ચળવળ બનાવવા માટે તંત્ર કામે લાગ્યુ છે. ગાંધીનગર જિલ્લામાં ૨૦૧૧ની વસતી ગણતરી પ્રમાણે ૧૦૦૦ દિકરાએ ૮૪૭ દિકરીઓની સંખ્યા જણાઈ છે.

કેન્દ્ર સરકાર 'બેટી બચાવો, બેઢી પઢાવો' પુરસ્કૃત યોજના અંતર્ગત તા. ૧૮ જાન્યુઆરી-૨૦૧૭થી ૨૪ જાન્યુઆરી ૨૦૧૭ સુધી 'રાષ્ટ્રીય બાલિકા સપ્તાહ ઉજવવામાં આવી રહેલ છે. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં જિલ્લા પ્રશાસન દ્વારા 'રાષ્ટ્રીય બાલિકા દિવસ'ની ઉજવણીનો કાર્યક્રમ તા. ૨૪ જાન્યુઆરી-૨૦૧૭ મંગળવારના રોજ રાખવામાં આવેલ છે. જેમાં ગાંધીનગર જિલ્લાની તાજેતરમાં જન્મેલ

● અનુસંધાન પાન-૭ પર

### સૌથી ઓછો સ્ત્રી જન્મદર ધરાવતા ગામો

| ગામ | ૦ થી ૬ વર્ષ |
|---|---|
| રામનગર | ૫૭૪ |
| સામ્બેલા | ૫૯૪ |
| દેમાલીયા | ૬૬૧ |
| જલુંદરા મોટા | ૬૬૯ |
| વર્ધાના મુવાડા | ૬૮૧ |
| વિરા તલાવડી | ૬૭૩ |
| જાખોરા | ૬૮૮ |
| ગલુદણ | ૭૦૬ |
| દંતાલી | ૭૧૭ |
| મગોડી | ૭૩૪ |
| હિમ્મતપુરા | ૫૦૦ |
| રામપુરા(૨) | ૫૦૦ |
| બિલેશ્વરપુરા | ૬૭૫ |
| પાનસર | ૭૧૩ |
| ભાલોદ | ૭૩૦ |
| વિહાર | ૬૧૪ |
| બાપુપુરા | ૬૩૫ |
| ભિમપુરા | ૬૫૯ |
| અમ્બોડ | ૬૭૬ |
| ઈન્દ્રાપુરા | ૬૯૩ |

## ગાંધીનગર શહેરમાં પણ સ્ત્રી જન્મદર રાજ્યની સરેરાશ કરતાં ઓછો રહ્યો છે

ગાંધીનગર શહેરમાં પણ દિકરા સામે દિકરીનો જન્મદર ઓછો હોવાનું જણાયુ છે. રાજ્યના સરેરાશ જન્મદર સામે ૮૮૪નો જન્મદર શહેરમાં નોંધાયો છે. તાજેતરમાં શહેરના આરોગ્ય તંત્રની મળેલી એક બેઠકમાં આ ચોંકાવનારી હકીકત આરોગ્ય અધિકારી ડૉ. દિનેશ બારોટે જણાવી આ અંગે ચિંતાની લાગણી વ્યક્ત કરી હતી.

શહેરી વિસ્તારમાં સ્ત્રી જન્મદર નીચો હોવા અંગે તંત્રએ પણ એક સર્વગ્રાહી અભ્યાસ શરૂ કર્યો હોવાનું જાણવા મળેલ છે જેમાં એક જ સંતાન બાદ પરિવાર નિયોજન અને ભૃણ હત્યા જેવા કારણો પણ હોવાનું પ્રાથમિક તારણ જણાયુ છે. શહેરના જે વિસ્તારોમાં ૨૦૧૧ની વસતી ગણતરીમાં ઓછો સ્ત્રી જન્મદર જણાયો છે ત્યાં લોક-જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યુ છે. આ ઉપરાંત મહિલા સશક્તિકરણની વિવિધ યોજનાઓનો આ વિસ્તારમાં વધુ સઘનતાથી અમલ થાય તે માટે પણ ભાર મુકવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.






પ્રજાસત્તાક પર્વની તૈયારીઓ - પાટનગર ખાતે પ્રજાસત્તાક પર્વની ઉજવણી માટે તડામાર તૈયારીઓ આરંભાઈ છે... ગાંધીનગર જિલ્લા કક્ષાની ઉજવણી ગાંધીનગર રામકથા મેદાન ખાતે યોજાશે... શહેરની શાળાઓ અને કૉલેજો તથા વિવિધ સાંસ્કૃતિક ગૃપો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ તથા પ્રજાસત્તાક પરેડની સલામી યોજાશે... રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રી રોહિતભાઈ પટેલ ત્રિરંગો લહેરાવશે....

# જિલ્લાના ચાર માર્ગોની ૪૦ કરોડના ખર્ચે સુધારણા

**મહીના બાદ કામ શરૂ કરાશે : વાવોલ -કોલવડા, કલોલ - સાણંદ, માણસા વિહાર અને વડસર ખાત્રજ માર્ગનુ વાઇડનીંગ કરાશે**

ગાંધીનગર તા ૨૩

ગાંધીનગર જિલ્લામાં માર્ગ સુધારણાના વિવિધ ચાર કામો હાથ ધરવામાં આવશે. માર્ગોના વાઈડનીંગ માટે અંદાજિત રૂ ૪૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. માર્ગ મકાન વિભાગ દ્વારા માર્ગ સુધારણાના આ કામોને મંજુરી આપી દેવામાં આવી છે. એકાદ મહીનામાં માર્ગ સુધારણાનુ કામ શરૂ પણ કરી દેવાશે. વિવિધ માર્ગોની સુધારણાનુ કામ પુર્ણ થયા બાદ આ રૂટમાં વાહનવ્યવ્હાર પણ સરળ બનશે.

ગાંધીગર શહેરમાં માર્ગોની સુધારણા પાછળ તોતિંગ ખર્ચ કરવામાં આવે છે. જયારે માર્ગોની જાળવણી માટે પણ વર્ષ દરમિયાન કરોડો રૂપિયાનો ખર્ચ થાય છે.જો કે વાઈબ્રન્ટના અંતે માર્ગ સુધારણા અને બ્યુટિફિકેશનના કામોના અંતે શહેરના સેકટરોના આંતરિક માર્ગો કંગાળ હાલતમાં છે. શહેર ઉપરાંત જિલ્લામાં પણ જોડતા વિવિધ માર્ગોની દશા ખરાબ હોવાનુ ધ્યાને આવ્યુ છે. જો કે જિલ્લાના મુખ્ય માર્ગોને જોડતા રસ્તાઓનુ તબક્કાવાર કામ હાથ ધરવામાં આવે છે.

માર્ગ મકાન વિભાગ દ્વારા માર્ગ સુધારણાના વિવિધ ચાર કામોને મંજુરી આપી દેવામાં આવી છે. જેમાં વાવોલ કોલવડા અને રાંધેજાના માર્ગને ૩ મીટરમાંથી ૭ મીટર પહોળો કરવા માટે રૂ ૬.૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. જયારે કલોલ સાણંદ માર્ગને પણ રૂ ૧૪.૫૦ કરોડનો ખર્ચે ૭ માંથી ૧૦ મીટર પહોળો કરવાનુ કામ હાથ ધરાશે. માણસા વિહાર માર્ગને ૫.૫૦ માંથી ૧૦ મીટર પહોળો કરવા માટેનુ કામ પણ હાથ ધરાશે. આ કામગીરી પાછળ રૂ ૧૦.૫૦ કરોડનો ખર્ચ થશે. આ ઉપરાંત વડસર ખાત્રજ ચોકડી સુધીના માર્ગને ૧૦ મીટરમાંથી ફોરલેન બનાવાની કામગીરી હાથ ધરાશે જયારે ફોરલેન બનાવાની આ કામગીરી માટે રૂ ૮ કરોડના ખર્ચને મંજુરી આપવામાં આવી છે. જિલ્લામાં માર્ગ સુધારણાના આ ચારેય કામો પાછળ અંદાજિત રૂ ૪૦ કરોડનો ખર્ચ થશે. માર્ગ મકાન વિભાગ દ્વારા માર્ગ સુધારણાના કામોને મંજુરી આપી દેવામાં આવી છે. ટેન્ડરને મંજુરી આપી દેવામાં આવી છે. આગામી મહીનામાં કામ શરૂ કરી દેવાશે.

# બટાટા તથા ટામેટા પકવતા ખેડૂતોને નિકાસ માટે ટ્રાન્સપોર્ટ સહાય ચુકવાશે

**રાજ્ય બહાર રોડ ટ્રાન્સપોર્ટથી નિકાસ કરે તો પ્રતિ મેટ્રિક ટને રૂ. ૭૫૦ અને રેલ્વે દ્વારા નિકાસ કરે તો રૂ. ૧૧૫૦ પ્રતિ મેટ્રીક ટન ખેડૂત દીઠ ચુકવાશે**

ગાંધીનગર, તા.૨૩

નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યુ છે કે, રાજ્યના કિસાનોને મદદરૂપ થવુ એ રાજ્ય સરકારની પ્રાથમિકતા રહી છે ત્યારે બટાટા તથા ટામેટા પકવતા ખેડૂતોને ટ્રાન્સપોર્ટના ખર્ચમાં સહાય આપવાનો વધુ એક કિસાન લક્ષી નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ હતું કે, કિસાનોને આર્થિક રીતે સદ્ધર કરવા મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીની સરકારે અનેકવિધ કિસાન લક્ષી નિર્ણયો કર્યા છે ત્યારે બટાટા તથા ટામેટાના વિપુલ ઉત્પાદનથી નિકાસમાં પણ સહાય થવા આ મહત્વનો નિર્ણય કરાયો છે. બટાટા તથા ટામેટાની નિકાસ જો ખેડૂતો રોડ ટ્રાન્સપોર્ટથી કરશે તો રૂ.૭૫૦ પ્રતિ મેટ્રીક ટન, રેલ્વે દ્વારા કરશે તો રૂ.૧૧૫૦ પ્રતિ મેટ્રીક ટન તથા દેશ બહાર નિકાસ કરવામાં આવે તો કુલ વાહતુક ખર્ચના ૨૫ ટકા અને વધુમાં વધુ રૂ.૧૦ લાખની મર્યાદામાં પ્રતિ ખેડૂત દીઠ સહાય આપવામાં આવશે. તેમણે ઉમેર્યુ કે, હાલ બટાટા તથા ટામેટાના ભાવો નીચા છે ત્યારે ખેડૂતોને ટ્રાન્સપોર્ટેશનની સુવિધામાં મદદરૂપ થવા આ નિર્ણય કરાયો છે. રાજ્યમાં ચાલુ વર્ષે ૧,૨૪,૦૦૦ હેક્ટર વિસ્તારમાં બટાટાનું વાવેતર થયું છે. ટામેટાનું વાવેતર અંદાજીત ૪૫૦૦૦ હેક્ટરથી વધુ થયેલ છે. રાજ્યમાં બટાટા તથા ટામેટાનું વિપુલ ઉત્પાદન થવાની સંભાવના છે, ત્યારે ખેડૂતોને યોગ્ય ભાવ મળી રહે તે માટે ઉત્પાદીત વધારાના જથ્થાને બહાર મોકલવા આ ટ્રાન્સપોર્ટ સુવિધામાં સબસીડી આપવાથી ખેડૂતોને મોટો લાભ થશે.

# આરટીઓમાં અરજદારોને ધરમધક્કા રોજના થાય છે

**ઈન્ચાર્જ આરટીઓ ઓફીસર અનિયમિત રહેતા સર્જાતી હાલાકી**

ગાંધીનગર તા ૨૩

નગરના ગ માર્ગ પર સ્થિત હાઈટેક આર ટી ઓ કચેરીમાં હાલ અરજદારોએ ધક્કે ચઢવાનો વારો આવ્યો છે. આર ટી ઓ કચેરીમાં છેલ્લા ઘણાં સમયથી એ આર ટી ઓની જગ્યામાં ચાર્જમાં કાર્યરત છે. જયારે ચાર્જના અધિકારી પણ લાંબા સમયથી ગેરહાજર રહેતા આ જગ્યાનો ચાર્જ અમદાવાદના અધિકારીને સોંપવામાં આવ્યો છે. બીજીતરફ આર ટી ઓ ઈન્સ્પેક્ટર પણ નવા છે. નવા અને બિન અનુભવી સ્ટાફના લીધે અરજદારોના કામો અટવાયા હોવાનો ગણગણાટ પ્રવર્તયો છે.

ગાંધીનગરની આર ટી ઓ કચેરી અરજદારો માટે શિરદર્દ સમાન બની છે. અગાઉ વાંરવાર સર્વર ડાઉન થવાના લીધે નાગરિકોના કામો અટવાતા હતા. જયારે પેપરલેસ અને હાઈટેક આર ટી ઓ કચેરીમાં અરજદારોનો સમય ન બગડે તે મુજબની વ્યવસ્થા ગોઠવાઈ હોવાની વાતો પણ પોકળ હોવાનો અહેસાસ સમયાંતરે નાગરિકોને થતો રહે છે. વખતો વખત ટેકનિકલ ખામીના લીધે દુરથી આવતા અરજદારોને વિશેષ હાલાકી વેઠવાનો વારો આવે છે. જયારે છેલ્લા કેટલાક સમયથી ચાર્જમાં ચાલતા આર ટી ઓના તંત્રના લીધે પણ નાગિરકાને ગોથે ચઢવાનો વારો આવ્યો છે. હાલ એ આર ટીઓની જગ્યા છેલ્લા ઘણાં સમયથી ચાર્જમાં

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર એસ ટી ડેપોમાં ૩૦ ડ્રાઈવરોની ઘટ : બસ સેવા અનિયમિત

ગાંધીનગર તા ૨૨

ગાંધીનગર એસ ટી ડેપોમાં છેલ્લા ઘણા સમયથી ડ્રાઈવરોની ઘટ પ્રવર્તી છે. જેના પરિણામે સલામત સવારી પણ અનિયમિત બની છે. ડ્રાઈવરોની ઘટના લીધે ઘણીવાર ટ્રીપો પણ રદ કરવાની ફરજ પડે છે. આમછતા લાંબા સમયથી ડેપોમાં ડ્રાઈરોની ભરતી કરવામાં આવતી નથી.

ગાંધીનગર એસ ટી ડેપોને મોડેલ ડેપો બનાવાની વાત કોરણે મુકાઇ ગઇ છે.દિનપ્રતિદિન એસ ટી બસ સેવા પણ ખાડે જતી હોવાનો આક્રોશ ઉઠવા પામ્યો છે. ગાંધીનગર અમદાવાદ વચ્ચે દોડતી શહેરી બસ સેવામાં પણ કેટલીક વાર ટ્રીપો રદ કરવી પડે છે. અત્યાર સુધી એસ ટી ડેપોમાં મિકેનીક તેમજ કંડકટરની પણ ઘટ હતી. પરંતુ તબક્કવાર એસ ટી નિગમ દ્વારા ભરતી કરવામાં આવતા આ ઘટની સમસ્યા પ્રમાણમાં હળવી થઈ છે. પરંતુ હાલ ડ્રાઈવરની ઘટના લીધે એસ ટી બસની સેવા પર વિપરિત અસર થઈ છે. ગાંધીનગર એસ ટી ડેપોમાં ૩૦ ડ્રાઈવરોની ઘટ છે. જયારે આ ઘટ નિવારવા માટે નિગમ દ્વારા કોઈ પગલા લેવાતા નથી. જેના લીધે ઘણીવાર ડ્રાઈવરની ઘટના લીધે ડેપો દ્વારા એસ ટી ની ટ્રીપ પણ રદ કરવી પડે છે.

## રાષ્ટ્રીય મતદાતા દિનની બુધવારે ઉજવણી કરાશે

ગાંધીનગર, તા.૨૩

રાજયપાલ ઓપી કોહલીના અધ્યક્ષસ્થાને આગામી તા. ૨૫.૦૧.૨૦૧૭ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે રાજયકક્ષાના રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી કરવામાં આવશે. વર્ષ ૨૦૧૭માં સાતમો રાષ્ટ્રીય મતદાતા દિવસ ઉજવવામાં આવશે. ગુજરાતમાં ૨૮૨૮૧ મતદાન મથક સ્થળોએ, તમામ તાલુકા તથા જિલ્લા મથકોએ રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી કરાશે.




ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પલેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com